# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-10-2023** **Morning : 7.10 to 7.20am**

**Day: MONNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

---

- આજથી સમગ્ર રાજયમાં વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ ડિસ્ટ્રિક્ટ કાર્યક્રમનો પ્રારંભ થશે.
- સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત રાજયભરમાં ગઇકાલે એક તારીખ, એક કલાક સૂત્ર સાથે મહાશ્રમદાન પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું.- **25 લાખથી વધુ લોકો આ અભિયાનમાં જોડાયા.**
- આજે મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે રાજયભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.
- રાજયપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે, ગુજરાત વિદ્યાપીઠમાં દર મહિને, છેલ્લા શનિવારે, એક કલાક સામૂહિક શ્રમદાનથી સ્વચ્છતા અભિયાન ચાલશે.
- આજથી એક સપ્તાહ સુધી સમગ્ર દેશ સહિત રાજયભરમાં વન્યજીવ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## Vibrant gujrat –vibrant district

આજથી સમગ્ર ગુજરાતમાં વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ ડિસ્ટ્રિક્ટ કાર્યક્રમનો પ્રારંભ થશે. ગાંધી જયંતીથી સરદાર પટેલ જયંતી સુધી રાજયભરમાં

'વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ ડિસ્ટ્રિક્ટ' યોજાશે.રાજ્યના 33 જિલ્લાઓ અને 4 મહાનગરો મળીને કુલ 37 જગ્યાઓએ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે . કાર્યક્રમ દરમિયાન 2થી 3 દિવસ માટે યોજાનાર પ્રદર્શન દરમિયાન વન ડિસ્ટ્રિક્ટવન પ્રોડક્ટ - ODOP હેઠળ પસંદ થયેલી પ્રોડક્ટ્સને અગ્રતા આપવામાં આવશે.

દરેક જિલ્લામાં પ્રદર્શનો સહિતની શ્રેણીબદ્ધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે, જેમાં વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ (ODOP), સ્ટાર્ટઅપ્સ, સ્થાનિક (MSME) ઉત્પાદનોને પ્રોત્સાહન આપવામાં આવશે. સ્વ-સહાય જૂથો, ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO), મહિલા ઉદ્યમીઓ, ખાદી અને ગ્રામ્ય ઉદ્યોગો પણ કાર્યક્રમોમાં ભાગ લેશે. આ ઉપરાંત ક્રેડિટ લિન્કેજ પ્રોગ્રામ હેઠળ રાજ્યભરમાં લોન મેળાઓનું પણ આયોજન કરવામાં આવશે.

ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત મહેસાણા, પાટણ, અમદાવાદ શહેર ખાતે, ઉદ્યોગ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સુરત શહેર, વડોદરા શહેર અને સુરત ગ્રામીણ ખાતે,અને સૂક્ષ્મ, લઘુ અને મધ્ય ઉદ્યોગ (MSMEs) રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા , કચ્છ, મોરબી, આણંદ અને રાજકોટ શહેર ખાતે યોજાનાર કાર્યક્રમોમાં હાજરી આપશે આ સાથે, અન્ય જિલ્લાઓમાં પ્રભારી મંત્રી શ્રી અને પ્રભારી સચિવ શ્રી વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ ડિસ્ટ્રિક્ટ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે, જાન્યુઆરી 2024માં યોજાનારી 10મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ભાગરૂપે ગાંધીજયંતિ એટલે કે, આજથી 31 ઓકટોબર સરદાર જયંતિ સુધી વાયબ્રન્ટ ગુજરાત – વાયબ્રન્ટ ડિસ્ટ્રીક્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

**2nd October SBD**

સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત રાજયભરમાં એક તારીખ, એક કલાક સૂત્ર સાથે મહાશ્રમદાન પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજયમાં કુલ 34 હજારથી વધુ શ્રમદાન કાર્યક્રમોમાં 25 લાખ 50 હજારથી વધુ લોકો જોડાયા હતા.

"૨જી ઓક્ટોબર એટલે કે, આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મ દિવસને "સ્વચ્છ ભારત દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ તથા સ્વચ્છ ભારત મિશન-શહેરી દ્વારા સંયુક્ત રીતે ૧૫મી સપ્ટેમ્બરથી ૧૫મી ઑક્ટોબર ૨૦૨૩ સુધી "સ્વચ્છતા હી સેવા (SHS)" ની ઉજવણી થઈ રહી છે.

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના ઘાટલોડિયા ખાતેથી "સ્વચ્છતા હી સેવા" અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. ગુજરાત રાજયના કુલ ૨૧ મંત્રીશ્રી તથા મહાનુંભાવોએ વિવિધ જિલ્લાઓમાં શ્રમદાનની પ્રવૃતિમાં ભાગ લીધો હતો. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ ગઇકાલે અમદાવાદના રાણીપ ખાતે આ શ્રમદાન કાર્યક્રમમાં જોડાયા હતા.

કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરસોત્તમ રૂપાળા જામનગર જિલ્લાના સિદસર ગામે સ્વચ્છતા હી સેવા અંતર્ગત શ્રમદાન અભિયાનમાં જોડાયા.

ગુજરાત વિધાનસભા ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના પાલીખંડા અને લાભી ગામ ખાતે મહાશ્રમદાન કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

રાધવજી પટેલે જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના, તલીપર ગામે ૨૫૦ પ્રતિનિધિઓની હાજરીમાં ગામની સાફસફાઇ કરાવી તેની જાળવી રાખવા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી.

**Swachhta Hi Seva PTC**

અમારા ભરૂચ જિલ્લાના પ્રતિનિધિ વહિદ મશહદી જણાવે છે કે ભરૂચ લોકસભા સાંસદ મનસુખ વસાવાએ ભરૂચ-નમઁદા જીલ્લાના સરહદી મોવી ગામે સ્વચ્છતા કાર્યક્રમમાં જોડાઈને શ્રમદાન કર્યું હતું.

તાપી જિલ્લાના પ્રતિનિધિ નિરવ કનસારા જણાવ્યા અનુસાર સોનગઢ સ્થિત ઉકાઈ ડેમ ખાતે મહાશ્રમદાન કાર્યક્રમ અંતર્ગત સામુહિક સફાઈ હાથ ધરવામાં આવી હતી.

અમારા સુરેન્દ્રનગર જિલ્લાના પ્રતિનિધિ દિનેશ પરમારના જણાવ્યા અનુસાર સુરેન્દ્રનગર જિલ્લામાં પણ વિવિધ સ્થળોએ જન પ્રતિનિધિઓની આગેવાની હેઠળ મહા શ્રમદાન કાર્યક્રમો યોજાયો હતો. આ અભિયાનને સફળ બનાવવા ધારાસભ્યોઓ, પદાધિકારીઓ, ઉચ્ચ અધિકારીઓ અને સરપંચ સહિત ગ્રામ પંચાયતના સભ્યોઓ જોડાયા હતા.

વન અને પર્યાવરણ મંત્રી મુકેશ પટેલે સુરત જિલ્લામાં અને તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત સદસ્યશ્રીઓ, તાલુકા પંચાયત પ્રમુખશ્રીઓની હાજરીમાં ગામની સફાઈ કરવામાં આવી.

રાજ્યકક્ષાનામંત્રી કુંવરજી હળપતિ તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ઉખલદા ખાતે મહાશ્રમદાન કાર્યક્રમમાં જોડાયા હતા.

## PM Maha Swachhta Abhiyan

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે મહા સ્વચ્છતા અભિયાનનું નેતૃત્વ કર્યું- સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ દેશભરમાં લગભગ સાત લાખ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહ્વાન પર ગઇકાલે દેશભરના લોકો મેગા સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો. શ્રી મોદીએ મહાત્મા ગાંધીને તેમની જન્મજયંતિની

પૂર્વસંધ્યાએ શ્રદ્ધાંજલિ આપવા માટે સ્વચ્છતા અભિયાન માટે એક કલાકના શ્રમદાન માટે નાગરિકોને અપીલ કરી હતી.

## 2nd October Ujavani

મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે તેમના વતન ગુજરાતમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. અમદાવાદમાં સાબરમતી આશ્રમ અને રાષ્ટ્રપિતાના જન્મસ્થળ પોરબંદરના કીર્તિ મંદિર ખાતે મહા સર્વધર્મ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ અહિંસા અને સત્યાગ્રહના માર્ગે દેશની સ્વતંત્રતા ચળવળને નવી રાહ ચીંધી આઝાદી અપાવી હતી.

આજે સ્વતંત્ર ભારતના બીજા પ્રધાનમંત્રી લાલ બહાદૂર શાસ્ત્રીની પણ જન્મજયંતિ છે. શાસ્ત્રીજીએ 1965ના યુદ્ધમાં નિર્ણાયક ભૂમિકા ભજવી દેશને વિજય અપાવ્યો હતો. અને તેમણે જય જવાન, જય કિસાનનો નારો આપ્યો હતો.

## CM Bhupendra Pael

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે કચ્છ જિલ્લાની મુલાકાત લેશે. સવારે નખત્રાણા તાલુકાના સાંયરા ગામે આયોજિત થનાર મોટાયક્ષના મેળાનો શુભારંભ કરાવશે.

## Governer Acharya Devvratji

રાજયપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે, ગુજરાત વિદ્યાપીઠમાં દર મહિને, છેલ્લા શનિવારે, એક કલાક સામૂહિક શ્રમદાનથી સ્વચ્છતા અભિયાન ચાલશે. તેમણે પૂજ્ય ગાંધીજીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠ લોકો જોવા આવે એવી સ્વચ્છ અને આદર્શ બનાવવા લોકોને અનુરોધ કર્યો છે.

'સ્વચ્છતા જ સેવા' અભિયાન અંતર્ગત 'એક તારીખ-એક કલાક-એક સાથ': રાષ્ટ્રવ્યાપી શ્રમદાન મહાઅભિયાન અંતર્ગત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગઇકાલે ગુજરાત વિદ્યાપીઠ પરિસરમાં ૧,૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને વ્યવસ્થાપકો સાથે એક કલાક સાફ-સફાઈ કરીને પૂજ્ય મહાત્મા ગાંધીજીને 'સ્વચ્છાંજલિ' અર્પણ કરી હતી. પૂર્વ

મંત્રી અને ગુજરાત વિદ્યાપીઠ મંડળના ટ્રસ્ટી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને ગુજરાત વિદ્યાપીઠ મંડળના મહામંત્રી ડૉ. હર્ષદ પટેલ પણ શ્રમદાન મહાઅભિયાનમાં જોડાયા હતા.

## Wildlife Week

આજથી એક સપ્તાહ સુધી સમગ્ર દેશ સહિત રાજયભરમાં વન્યજીવ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મભૂમિ ગુજરાતમાં વન્ય જીવ સપ્તાહને સ્વચ્છતા અભિયાન સાથે જોડવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજયમાં બીજી ઓકટોબરથી આઠમી ઓકટોબર દરમિયાન તમામ જિલ્લાઓ અને તાલુકાઓમાં વન્યપ્રાણી સપ્તાહની વિવિધ રીતે ઉજવણી કરવામાં આવશે.

વન્યપ્રાણી સપ્તાહ દરમિયાન વન્યજીવોનું મહત્વ સમજાવાશે. તેમજ રાજયના તમામ અભ્યારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનોના વિસ્તારને 100 ટકા પ્લાસ્ટીક મુકત બનાવવાનું અભિયાન હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે, સમગ્ર વિશ્વમાં એશિયાઇ સિંહનું એકમાત્ર રહેણાંક ગુજરાતનું ગીર છેલ્લા વસતી ગણતરી અંદાજ મુજબ સિંહોની સંખ્યામાં 29 ટકાનો વધારો થયો છે. ગીધની વિવિધ પ્રજાતિઓની સંખ્યામાં પણ અભૂતપૂર્વ વધારો નોંધાયો છે. બનાસકાંઠા ખાતે વરૂના સંવર્ધન માટે વરૂ સોફ્ટ રીલીઝ સેન્ટરનો વિકાસ કરવામાં આવ્યો છે.

## Arogya Bhawan and Blood Center at Veraval

વેરાવળમાં પ્રથમ અદ્યતન આરોગ્ય ભવન અને બ્લડ સેન્ટરનુ આજે ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા લોકાર્પણ કરવામાં આવશે. આરોગ્ય ક્ષેત્રે જરૂરિયાતમંદ લોકો માટે બ્લડની વ્યવસ્થા થઈ શકે તે માટેના ઉમદા ઉદેશ સાથે જિલ્લાનું પ્રથમ અત્યાધુનિક બ્લડ સેન્ટર શરૂ થવા જઈ રહ્યું છે.

અમારા ગીર સોમનાથના પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે, ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના ચેરમેન કીરીટભાઈ ઉનડકટે જણાવ્યું હતું કે, થેલેસેમિયા ગ્રસ્ત બાળકો અને દર્દીઓને વિનામૂલ્યે લોહી આપવા માટે સંસ્થા કટિબધ્ધ છે.

## cm morbi ram katha

મોરબી ઝુલતો પુલ દુર્ઘટનામાં મૃત્યુ પામેલાઓના આત્મ મોક્ષાર્થે મોરારી બાપુના મુખે શ્રી રામ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. શનિવારે ભવ્ય પોથીયાત્રા સાથે કથાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગઈકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મોરબીમાં આ કથા શ્રવણ કરી હતી. મંત્રી ભાનુબેન બાબરીયા સહિત અગ્રણીઓએ આ કથાનો લાભ લીધો હતો. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ઝૂલતો પુલ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોને આત્માને શાંતિ માટે પ્રાર્થના કરી હતી

## Cancer Awareness and Early Detection Camp

વલસાડમાં કેન્સર અવેરનેસનો કેમ્પ યોજાયો હતો. જેમાં રાજયના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુ દેસાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કેન્સર અંગે વહેલી તકે લોકોમાં જાગૃતિ આવે અને કેન્સર પેશન્ટને તાત્કાલિક ધોરણે સારવાર મળે તે હેતુથી મુંબઇની કેન્સર પેશન્ટ એઈડ એસોસિએશન દ્વારા કેન્સરના બનાવોને અટકાવવા માટે જાગૃતિ કેમ્પ યોજાયો હતો.